# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-02-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

\-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJARAT BUDGET SESSION

રાજ્ય વિધાનસભાના બજેટ સત્રનો આજથી પ્રારંભ થયો છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે બજેટસત્રનો આરંભ તેમના સંબોધન દ્વારા કરાવ્યો હતો.

પ્રસ્તુત છે એક અહેવાલ....

(વોઇસ કાસ્ટ - મયુર સોલંકી)

રાજ્યપાલના સંબોધન બાદ આભાર પ્રસ્તાવને ગૃહમાં રજૂ કરાયો. દરમિયાન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગૃહમાં પૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગીય ડૉ.મનમોહન સિંઘ, સ્વર્ગીય ધારાસભ્ય કરસન સોલંકી , પૂર્વ ઉપાધ્યક્ષ શંભૂજી ઠાકોર , પૂર્વ ધારાસભ્ય કમલેશ પટેલના અવસાન અંગે શોક દર્શક ઉલ્લેખ કર્યો. ત્યારબાદ ગૃહની કાર્યવાહી આવતીકાલ સુધી મુલતવી રાખવામાં આવી.

સત્ર દરમિયાન વિધાનસભાના મેજ ઉપર અલગ અલગ કાગળો મૂકાશે તેમજ કામકાજ સમિતિના આઠમા અહેવાલની રજૂઆત કરાશે.

આ સત્રમાં આરોગ્ય મંત્રી રૂષિકેશ પટેલ બે મહત્વના સરકારી વિધેયકો રજૂ કરશે, જેમાં ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ રદ કરવા બાબત ખરડો અને ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ નોંધણી અને નિયમન સુધારા ખરડાનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . .

# BHAVNAGAR- AAVAKVERA DARODA

ભાવનગરમાં આવકવેરા વિભાગની દરોડા અને તપાસની કામગીરી આજે બીજા દિવસે પણ ચાલી રહી છે.

અમારા ભાવનગરના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદીના જણાવ્યા પ્રમાણે આવકવેરાના દરોડામાં ભાજપના અગ્રણી , બિલ્ડરો, જ્વેલર્સ, સોપારીના વેપારી અને ફાયનાન્સરોની 11 પેઢીઓના 32 સ્થળોએ 36 ટીમો તપાસ કરી રહી છે.

આ કામગીરીમાં ભાવનગર, અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા સહિતના સ્થળોના આવકવેરા વિભાગના 500થી વધુ કર્મચારીઓને સામેલ કરવામાં આવ્યા છે. ભાવનગરના મુખ્ય બે ફાઇનાન્સરોને ત્યાંથી મોટા જથ્થામાં વાંધાજનક ચિઠ્ઠીઓ અને અન્ય સાહિત્ય મળ્યું હોવાના અહેવાલ છે.

. . . . . . . . . . . .

# GSRTC VOLVO MAHAKUMBH

ગુજરાત રાજ્ય માર્ગ અને પરિવહન નિગમ દ્વારા પ્રયાગરાજ માટે મહાકુંભની વોલ્વો બસ સેવા શરૂ કરવામાં આવી હતી. વોલ્વો બસમાં મહાકુંભની યાત્રાએ ગયેલા મુસાફરોએ સરકાર દ્વારા કરવામાં આવેલી સુવિધા અંગે સંતો ષ વ્યક્ત કર્યો હતો. મહાકુંભમાંથી પરત ફરેલા મુસાફરોએ જણાવ્યું હતું કે GSRTCની સેવા કોર્પોરેટ જેવી પ્રિમિયમ અને દેખરેખ પરિવાર જેવી કરવામાં આવી હતી. અત્યાર સુધી પ્રયાગરાજ માટે 184 ટ્રીપ પૂર્ણ કરવામાં આવી છે. અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતના ચાર હજાર 300 જેટલા શ્રદ્ધાળુઓએ મુસાફરી કરી હતી. રાજ્ય સરકારે પ્રયાગરાજના રૂટમાં આવતા રાજ્યોની પોલીસ સાથે યોગ્ય સંકલન સાધીને યાત્રાને સુગમ બનાવી હોવાનું પણ મુસાફરોએ જણાવ્યું હતું.

મહાકુંભ માટે છેલ્લી ટ્રીપ 25 ફેબ્રુઆરીએ રવાના થશે.

. . . . . . . . . . . .

# NARMADA HEALTH DRIVE

નર્મદા જિલ્લામાં હાઇપર ટેન્શન બ્લડ પ્રેસર બી.પી.ના 22 હજાર 246 દર્દીઓ અને ડાયાબિટીસના 10 હજાર 563 દર્દીઓ નોંધાયા છે.

નર્મદા જિલ્લા સહિત રાજ્યભરમાં આવતીકાલથી ૩૧મી માર્ચ સુધી બ્લડ પ્રેશર અને ડાયાબીટીસના દર્દીઓની મેગા નોંધણી ઝુંબેશ હાથ ધરવામાં આવશે. નિઃશુલ્ક બ્લડ પ્રેશર અને ડાયાબીટીસની ચકાસણી , શંકાસ્પદ દર્દીઓનું નિદાન અને દવા ઉપલબ્ધતા તેમજ ઘરે-ઘરે આરોગ્ય ટીમ દ્વારા તપાસની સુવિધા ઉપલબ્ધ થશે, તેમ નર્મદાના મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું.

એન.પી - એન.સી.ડી. પ્રોગ્રામ અંતર્ગત બિન-ચેપી રોગોના સ્ક્રીનિંગ, નિદાન અને સારવાર માટે ખાસ અભિયાન શરૂ કરવામાં આવી રહ્યું છે. જેનો લાભ દરેક ૩૦થી વધુની ઉંમરના નાગરિકો લઈ શકશે. આ ઝુંબેશ હેઠળ નિઃશુલ્ક બ્લડ પ્રેશર અને ડાયાબીટીસની ચકાસણી , શંકાસ્પદ દર્દીઓનું તાત્કાલિક નિદાન અને દવા ઉપલબ્ધતા તેમજ ઘરે-ઘરે આરોગ્ય ટીમ દ્વારા તપાસની સુવિધા ઉપલબ્ધ થશે.

. . . . . . . . . . . .

# AMRELI CHILD DEATH

અમરેલીના પાણીયા ગામમાં સિંહે હુમલો કરતાં બાળકનું ઘટનાસ્થળે જ મોત થયું. બાળક નદી કિનારે જઈ રહ્યો હતો તે દરમિયાન અચાનક સિંહે હુમલો કરી દીધો. ઘટનાની જાણ થતાં વનવિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી બાળકના મૃતદેહને હોસ્પિટલ ખસેડ્યો. વનવિભાગની ટીમે બે કલાકમાં જ સિંહને રેસ્ક્યૂ કરી લીધો હતો.

. . . . . . . . . . . .

## MEHSANA DUDHSAGAR DAIRY

દૂધસાગર ડેરીની મહેસાણા , પાટણ અને ગાંધીનગર જિલ્લાની 1503 મંડળીઓ હવે ડીજીટલ યુગમાં ડગ માંડી રહી છે.

અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે રોજબરોજના હિસાબો , રોજમેળ સહિતના નાણાકીય વ્યવહારો કોમ્પ્યુટરાઈઝ કરવા અંગે તાલીમ આપવા આવી રહી છે. વિજાપુર તાલુકાની કુકરવાડા ખાતે જિલ્લા સહકારી સંઘ દ્વારા 50થી વધુ મંત્રી અને મેનેજરને તાલીમ અપાઈ હતી. દૂધસાગર ડેરીના સીએસ વિભાગના વડા ફાલ્ગુન ચૌધરીએ જણાવ્યું કે મંડળીઓમાં હિસાબો માટેના રોજમેળ હવે કોમ્પ્યુટરાઈઝડ થતાં એક જ ક્લિક કરતા હિસાબની માહિતી મળશે.

. . . . . . . . . . . .

## DANG SPORTSMEN MEDAL

રાજ્ય કક્ષાએ આયોજીત  તિરંદાજી સ્પર્ધામાં ડાંગ જીલ્લાના સાપુતારાના પાંચ ખેલાડીઓએ મેડલ મેળવ્યાં હતાં. તાજેતરમાં નડિયાદ ખાતે આયોજીત સ્ટેટ આર્ચરી ચેમ્પિયનશિપ સ્પર્ધામાં સાપુતારા સ્પોર્ટ્સ સંકુલના કુલ પાંચ ખેલાડીઓએ સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્રકો પ્રાપ્ત કરી જિલ્લાને ગૌરવ અપાવ્યું છે. સંજય પદવીભાઈ ઇન્ડિયન રાઉન્ડમાં  સુવર્ણ ચંદ્રક, સોંપેશ ભીલ કમ્પાઉન્ડ રાઉન્ડમાં સુવર્ણ ચંદ્રક, વિદ્યા પવાર અને વિકાસ કમસિંગ રિકવર રાઉન્ડમાં રજત ચંદ્રક, તેમજ મહેક સાપતાએ કમ્પાઉન્ડ રાઉન્ડમાં  કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કર્યો છે. આવનાર દિવસોમાં આ ખેલાડીઓ આંધ્રપ્રદેશ ખાતે રમવા જશે.

. . . . . . . . . . . .